# ગંદકીથી ખદબદતા સેકટરો ડેન્ગ્યુના ભરડામાં

## વરસાદી દિવસોના અંતે સેકટરોમાં ઠેર ઠેર ગંદકી અને ગટરના દુષિત પાણીના ભરાવા વચ્ચે વધતા મચ્છરોના ઉપદ્રવથી સેકટરવાસીઓ રોગચાળાની ઝપટે

ગાંધીનગર તા ૧૧

શહેરમાં વરસાદી ઋતુના અંતે સેકટરો રોગચાળાની ગિરફતમાં છે. મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકયુ છે. સેકટરોના ઘણાં ખરા ઘરોમાં ડેન્ગયુનો રોગચાળોએ પગ પેસારો કરી દીધો છે. રોગચાળાના અજગર ભરડાથી જન આરોગ્ય પ્રભાવિત છે. સેકટરોમાં વરસાદી દિવસોના અંતે ઠેર ઠેર ગંદકી અને ગટરોના ઉભરાતા દુષિત પાણી સાથે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધ્યા છે. ખદબદતી ગંદકી વચ્ચે વધતા મચ્છરોનો ઉપદ્રવ ડામવા માટે સફાઇ અભિયાન તેમજ દવા છંટકાવ માટે ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે. રોગચાળાને કાબુમાં લેવા માટે તંત્રએ ગંદકી અને મચ્છરોને ડામવા તંત્રએ ઝુંબેશ સ્વરૂપે અસરકારક કામગીરી હાથ ધરવી જોઈએ તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ડેન્ગયુના રોગચાળાએ અજગર ભરડો લીધો છે. સેકટરોમાં ઘણાં ખરા ઘરોમાં ડેન્ગયુએ પગપેસારો કરતા જન આરોગ્ય સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. વરસાદી ઋતુના વિચિત્ર મિજાજ સાથે જનજાગૃતિના અભાવ વચ્ચે તંત્ર કક્ષાએથી પણ સ્થિતિને ડામવા અસરકારક પગલા ન લેવાતા દિનપ્રતિદિન ડેન્ગયુના દર્દીઓ વધી રહ્યા છે. ડેન્ગયુના રોગચાળાએ સમગ્ર રાજયમાં માથુ ઉંચકયુ છે. વિવિધ શહેરોમાં ડેન્ગયુ જાનલેવા પુરવાર થયા હોવાના કેસની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે પાટનગરમાં પણ રોગચાળાને ઉગતો ડામવા માટે હજુ જોઈએ તેવા કોઈ પગલા લેવાતા નથી. સેકટરોમાં ઉભરાતી ગટરો વચ્ચે ગંદકીના ઢગ ખડકાયા છે. વરસાદી દિવસોની વિદાય બાદ ત્વરિત સફાઇ અભિયાન તેમજ મચ્છરોને ડામવા માટે જરૂરી દવા છંટકાવ કરવાની કામગીરી પણ થઈ નથી. સેકટરોમાં ઠેર ઠેર મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ઉભા થતા સેકટરો રોગચાળાની ગિરફતમાં છે. શહેરના સેકટરોમાં સ્થિત કોમન પ્લોટ તેમજ રહીશોના ઘરો તેમજ આસપાસના વિસ્તારમાં મચ્છરો તેમજ જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. છેલ્લા દસ દિવસથી વરસાદે પણ વિદાય લીધી છે.



જયારે આકરા તાપની શરૂઆત બાદ પણ તંત્ર એકટીવ મોડમાં આવ્યુ નથી. સેકટરોમાં ઠેર ઠેર ઉભરાતી ગટરોના લીધે દુષિત પાણીનો ભરાવો થતો હોવાની વધતી ફરિયાદો સાથે દવા છંટકાવ અને સફાઇ કામગીરીના અભાવ વચ્ચે મચ્છરોને મોકળુ મેદાન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલ સહીત ખાનગી દવાખાનાઓ દર્દીથી ઉભરાઈ રહ્યા છે. વાઈરલ ફીવર સાથે ડેન્ગયુ , મેલેરીયા તેમજ ચિકનગુનિયા સહીતના રોગચાળાથી જનજીવન પ્રભાવિત છે. જેમાં ડેન્ગયુના રોગચાળાનુ જોર વધુ છે. મચ્છર જન્ય રોગચાળાને કાબુમાં લેવા માટે ઘરે ઘરે દવા છંટકાવ સાથે જનજાગૃતિ કેળવાય તેવા પ્રયાસોમાં કમી વર્તાઈ રહી છે. આ ઉપરાંત સેકટરોમાં સફાઇ અભિયાન હાથ ધરી ગંદકી ઉલેચવાની કામગીરી પણ હજુ સુધી ઝુંબેશ સ્વરૂપે થઇ નથી. જેના લીધે સેકટરોમાં રોગચાળો પોતાની પક્કડ જમાવી રહ્યો છે. મચ્છર ઉત્તપ્તિ સ્થાનો ડામવા માટે તેમજ રોગચાળાને ઉગતો ડામવા અસરકારક પગલા લેવાય તે અનિવાર્ય છે. ડેન્ગયુના રોગચાળાના લીધે સેકટરવાસીઓમાં પણ દહેશત પ્રવર્તી છે.

બાંધકામ સાઈટ પર મચ્છરોના પોરા નાશ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેની સાથે સેકટરોમાં પણ પુરતી સફાઇ તેમજ દવા છંટકાવ સહીતના યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોના રહેણાંક વિસ્તાર જ નહીં પરંતુ શોપિંગ બજારો તેમજ જાહેર સ્થળો આસપાસ પણ ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. જેના લીધે રોગચાળાનુ જોર વધી રહ્યુ છે. મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

### બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની

## પરીક્ષાઓ રદ કરાતા આશરે આઠ લાખ ઉમેદવારો નિરાશ

### ગૌણ સેવા પસંદગી મંડળે ફરી એકવાર પરીક્ષાઓ રદ કરતા ઉમેદવારોની દિવાળી બગાડી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ફરી એકવાર રાજ્યના આશરે ૮ લાખથી વધુ ઉમેદવારોને નિરાશાની ગર્તામાં ધકેલ્યા છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા. ૨૦મી ઓક્ટોબરે લેવાનાર બિનસચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષાઓ આજે રદ કરી દેવામાં આવી છે જેના પગલે છેલ્લાં દોઢેક વર્ષથી પરીક્ષાની તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોમાં વ્યાપક નિરાશા જોવા મળી રહી છે.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય ક્લાર્ક તથા ઓફિસ આસિસ્ટન્ટની મળીને આશરે ૩૫૦૦ જેટલી જગ્યાઓ માટે તા. ૨૦મી ઓક્ટોબરે પરીક્ષા લેવાની હતી જેને આજે રદ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા અગાઉ તા. ૨જી ફેબ્રુઆરીએ લેવાની હતી અને તે માટેના ફોર્મ ગત વર્ષે ડિસેમ્બરમાં જ ભરાવવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં રાજ્યના અંદાજે ૮ લાખથી વધુ ઉમેદવારો પોતાનુ નસીબ અજમાવી રહ્યાં હતા. જોકે કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક અનામતની જોગવાઈઓના પગલે આ પરીક્ષા રદ કરાઈ હતી તે પછી ચૂંટણીઓના કારણે પરીક્ષા પાછી ઠેલવામાં આવી હતી. અંતે આ પરીક્ષા તા. ૨૦મી ઓક્ટોબરે લેવાની હતી પરંતુ તે પણ અગમ્ય કારણોસર રદ કરી દેવાતા આ પરીક્ષાના ઉમેદવારોનું ભાવિ ફરી અધ્ધરતાલ થઈ જવા પામ્યુ છે. દિવાળી ટાંકણે જ ગૌણસેવા પસંદગી મંડળના આ નિર્ણયથી ઉમેદવારોને આંચકો લાગ્યો છે અને છેલ્લાં દોઢેક વર્ષથી કરેલી પરીક્ષાની તૈયારીઓ પર હાલ પુરતુ તો પાણી ફરી વળવા પામ્યું છે.

## જલારામ મંદિરમાં શરદોત્સવની ભવ્ય ઉજવણી, રાસ ગરબાનો કાર્યક્રમ

ગાંધીનગરમાં નવરાત પર્વના અંતે શરદોત્સવની ઉજવણી પણ રંગેચંગે થાય છે. સેકટરોમાં પણ શરદોત્સવની ઉજવણી અન્વયે દુધ પૌંઆ સાથે રાસ ગરબાની રમઝટ જામે છે. આ ઉપરાંત અનેક ઠેકાણે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવે છે. સે-૨૯ સ્થિત જલારામ મંદિરમાં પણ દર વર્ષે શરદોત્સવની પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવે છે. જલારામ સેવા સમાજ દ્વારા આગામી તા ૧૩ ઓકટોબરના રોજ જલારામ મંદિર ખાતે રાત્રિના ૮ :૩૦ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સમાજના તમામ સભ્યોએ પરિવાર સાથે હાજર રહેવા સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ ઠક્કર તેમજ મંત્રી અશોક પોપટે જણાંવ્યુ છે.

## ખુનના ગુનામાં પેરોલ જમ્પ આરોપીને એલસીબીએ પકડી પાડ્યો

ખુનના ગુનામાં પેરોલ જમ્પ કરેલા આરોપીને તેના બે સાગરીતો સાથે પકડી પાડી તેમની પાસેથી મોબાઈલ, કાંડા ઘડીયાળ, સોનાની વીટીં, તેમજ વિદેશી ચલણી નોટો મળી કુલ રૂ. ૩૭,૫૮૭ નો મુદ્દામાલ રીકવર કરી સેકટર-૭ ઘરફોડ ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો છે. પોલીસે શંકર ઉર્ફે રાજેશ ઉર્ફે વિક્રમ લક્ષ્મણ બજાણીયા, રહે.તાજપુર, ગણેશ ઉર્ફે ગણીયો શકરાજી મોથલીયા રહે મહાવીરનગર છાપરા હિંમતનગર, કલ્લુસીંગ શ્રવણસીંગ સરદાર (રહે.પાલ સાબરકાંઠા)ને દબોચી લીધા છે.



સિવિલ કેમ્પસના રહેણાંક વિસ્તારમાં ભંગારીયા વાહનનો ખડકલો જોવા મળે છે. આ ભંગાર વાહનોને પગલે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ થતા સ્થાનિક વસાહતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે સિવિલતંત્ર દ્વારા આ ભંગારીયા તમામ વાહનોનો ઝડપી નિકાલ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બનવા પામી છે.


## બકરીના મારણથી દિપડો લલચાતો નથી, અંબોડમાં પાંચ પાંજરા મુકાયા

### વનતંત્રના અનેક પ્રયાસોના અંતે દિપડો હાથ લાગતો નથી : સાસણની ટીમ પણ અગાઉ ખાલી હાથે પાછી ફરી હતી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં આખા વર્ષ દરમિયાન દિપડો ચર્ચા સ્થાને રહ્યો છે. જંગલમાં જોવા મળતો દિપડો ગત ધનતેરસે નવા સચિવાલયમાં ઘુસી જતા મહામહેનતે દિપડાને કેદ કરાયો હતો. જયારે છેલ્લા ૬ મહીનાથી શહેર નજીકના અંબોડ ગામમાં નદીકાંઠના જંગલ વિસ્તારમાં દિપડાએ વસવાટ કર્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. બે દિવસ અગાઉ પણ આ વિસ્તારમાં દિપડો દેખાયો હતો. જયારે વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે પાંચ પાંજરા બકરી મારણ સાથે મુક્યા છે.

ગાંધીનગર જિલ્લાની હદમાં છેલ્લા એક વર્ષથી દિપડો આંટા મારે છે. દિપડાને કેદ કરવા માટે અગાઉ સાસણથી નિષ્ણાંતોની ટીમ પણ ખાલી હાથે પરત ફરી હતી. અંબોડ ગામમાં નદી કીનાારા વિસ્તારમાં આંટા મારતો દિપડો બે દિવસ અગાઉ જ દેખાયો હતો. જયારે હવે વનતંત્રની ટીમે દિપડાને કેદ કરવા માટે માત્ર અંબોડમાં જ ધ્યાન કેન્દ્રીત કરી વિવિધ ૫ ઠેકાણે મારણ સાથે પાંજરા મુક્યા છે. ગત ધનતેરસના દિવસે નવા સચિવાલય સંકુલમાં ઘુસેલા દિપડાએ વનતંત્રના નાકે દમ લાવી દીધો હતો. લાંબા સમયની મહેનતના અંતે દિપડાને પાંજરામાં કેદ કરાયો હતો જયારે આ સમયથી જ બે દિપડા હોવાની વાત વહેતી થઇ હતી. અલબત્ત ગાંધીનગર આસપાસના પીંપળજ પીંડારડા અંબોડ સહીતના નદી કાંઠાના ગામોની બન્ને બાજુના વિસ્તારમાં વારંવાર દિપડો દેખાતો હોવાનુ ધ્યાને આવતા વનતંત્ર દ્વારા પણ છેલ્લા ૬ મહીનાથી દિપડાને પકડવા માટે અભિયાન હાથ ધરાયુ છે. અગાઉ આ માટે સાસણથી ટીમ પણ બોલાવી દિપડાને પકડવા પ્રયાસ કરાયો હતો. પરંતુ ચબરાક દિપડો વનતંત્રની ગિરફતમાં આવ્યો ન હતો. જયારે બે દિવસ અગાઉ પણ અંબોડમાં દિપડાએ દેખા દીધી હોવાનુ ધ્યાને આવતા વનતંત્રએ આ વિસ્તારમા હાલ મારણ સાથે પાંચ પાંજરા મુક્યા છે. જયારે આગામી દિવસોમાં બીજા બે વધુ પાંજરા પણ મુકવામાં આવશે. દિપડાને પકડવા માટે હવે વનતંત્રએ એડી ચૌટીનુ જોર લગાવાનુ શરૂ કર્યુ છે. પરંતુ પલે પલે અલગ અલગ જગ્યાએ નાસી જતો દિપડો વિસ્તારની હદ ન મુકતો હોવાછતા હજુ સુધી હાથ લાગતો નથી.



**લાડોલ હરસિધ્ધી માતાજીને ભકતો દ્વારા ચાંદીના અને તાંબાના ગરબા ચઢાવાયા**

વિજાપુર તાલુકાના લાડોલ ખાતે આવેલા હરસિદ્ધી શકિતપીઠ ખાતે માતાજીને પ્રથમ સંતાનના જન્મ બાદ તાંબા અને ચાંદીના ગરબા ચઢાવવાની અનોખી પરંપરા છે. જેને પગલે આ વર્ષે પણ દશેરાના દિવસે ૩૦૦ થી વધુ તાબાને અને ૧૦ થી વધુ ચાંદીના ગરબા ભકતો દ્વારા માતાજીના ચરણોમાં અર્પણ કરાયા હતા.

## ગાંધીનગર જિલ્લાનુ જનસેવા કેન્દ્ર મોડેલ જનસેવા કેન્દ્ર બન્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં તાજેતરમાં લોકાર્પણ કરાયેલ આધુનિક જનસેવા કેન્દ્રને મોડેલ જનસેવા કેન્દ્ર તરીકેની સ્વીકૃતિ રાજ્ય સરકારે આપી છે.

આ પ્રકારે દરેક જિલ્લામાં જનસેવા કેન્દ્ર બનાવવા માટે રાજ્યના મહેસુલ વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના વસુતા પ્રભાતે સૂચનાઓ આપી છે એટલુ જ નહિ આ અંગેની સીડી પણ દરેક જિલ્લા કલેક્ટરોને મોકલવામાં આવી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આગામી કલેક્ટર કોન્ફર્સમાં ચર્ચાનો આ પણ એક મુદ્દો હશે તેમ સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રએ વાતાનુકૂલિત જનસેવા કેન્દ્ર ઉપરાંત તેના મુલાકાતીઓ માટે ખાસ ટોકન પ્રથા અમલી બનાવી છે. જિલ્લામાં આધુનિક સબ રજીસ્ટ્રારની કચેરી પણ બનાવવામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે.

## સે-૨૧ ગોળીબાર કેસમાં સાપરાધ મનુષ્યવધના પ્રયાસનો ગુનો નોંધાયો

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટર ખાતે ગતરોજ બપોરના સુમારે સર્વેયરની ઓફિસમાં બનેલી ગોળીબારના બનાવમાં આરોપીની ગંભીર બેદરકારી સામે આવી છે. સેકટર-૨૧ પોલીસે આરોપી સુનિલ વ્યાસ સામે સાપરાધ મનુષ્યવધના પ્રયાસ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટરમાં સર્વેયરની દુકાન ધરાવતા અને સેકટર-૨૧ વાસ્તુ નિર્માણ સોસાયટી પ્લોટ નં૬૯૩ ખાતે રહેતા આરોપી સુનિલ બિપિનભાઈ વ્યાસ પાસે રહેલી રિવોલ્વર તેમના મિત્રએ જોવા માટે માંગી હતી. પરંતુ આરોપીએ રિવોલ્વર લોક કર્યા પછી પણ લોક થયું છે કે કેમ તેની તપાસ કરવા માટે પોતાના જ મિત્ર ઈન્દ્રજીતસિંહ રણજીતસિંહ ગોહિલ ( રહે. ૫૭૨-૨ શાંતિવન સોસાયટી સે-૩૦) સામે રાખીને ટ્રીગર દબાવ્યું હતું. એટલે કે આરોપીની સુનિલની ગંભીર બેદરકારી થી એક યુવાનનો જીવ જતા જતા બચી ગયો છે. ઘાયલ ઈન્દ્રજીતસિંહ પોતાના મિત્ર અશ્વિનસિંહ જીલુસિંહ વાઘેલા (રહે પેથાપુર) સાથે આવ્યા હતા.બનાવ અંગે અશ્વિનસિંહે જણાવ્યું હતું કે ઈન્દ્રજીતસિંહે રિવોલ્વર જોવા માટે માંગી હતી ત્યારે સુનિલભાઈએ રિવોલ્વર બહાર કાઢી હતી અને આવડત મુજબ લોક કરી હતી. લોક થયું છે, કે નહીં તેની તપાસ કરવા તેઓએ ટ્રીગર દબાવ્યું હતું. જેથી તેમની સામે સોફા ઉપર હું અને ઈન્દ્રજીતસિંહ બેઠા હતા. જેથી રિવોલ્વરમાંથી છુટેલી ગોળી સીધી ઈન્દ્રજીતસિંહને છાતીની જમણી બાજુએ ગળાની નીચેના ભાગે વાગી હતી. જેથી ઘાયલ ઈન્દ્રજીતસિંહને તાત્કાલીક એપોલો હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં ડોકટર દ્વારા ઓપરેશન કરીને વાગેલી ગોળી નીકાળી દેવામાં આવી હતી. જેથી યુવકનો જીવ બચી ગયો હતો. જયારે ગોળીબારની ઘટનામાં પોલીસે પ્રત્યક્ષદર્શી એવા અશ્વિનસિંહને ફરીયાદી બનાવ્યા છે.

## પેથાપુરમાં જમીનના વિવાદમાં મારામારી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં જમીનના ભાવ આસમાનને આંબી રહ્યા છે ત્યારે જમીનના ડખા જોવા મળી રહ્યા છે. ત્યારે પેથાપુરમાં જમીન પર માલિકી હબકના વિવાદમાં બે જુથ વચ્ચે પાઈપો અને લાકડીઓ ઉછળી હતી. જેમાં એક જુથે વડીલોપાર્જીત જમીનમાં મંજુરી વાવેતરનો આક્ષેપ કર્યો છે. તો સામે પક્ષે ખેતરમાં લહેરાતા પાક પર ટ્રેકટર ફેરવીને હુમલો કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. બનાવ અંગે પોલીસે સામસામે ફરીયાદ નોંધીને ચાર વ્યકિત સામે નામજોગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભીખુસિંહ દેવુજી ડાભી એ નોંધાવેલી ફરીયાદ મુજબ પેથાપુરની સીમમાં આવેલી સર્વે નંબર ૨૪૪૩ની જમીન વડીલોપાર્જીત છે અને કોર્ટના ચુકાદાથી તેમના પિતા દેવુજી ડાભીનો હિસ્સો અલગ પાડવામાં આવ્યો છે. આમ છતા જશુજી ભગાજીના દિકરા તથા બાદરજી ભગાજીએ કબ્જો લીધો છે અને વાવણી કરી હતી. ગુરુવારના રોજ દેવુજી ડાભી અને તેમના પત્ની આ જમીન પર ગયા હતા. તેમની સાથે ભીખુસિંહ અને તેમની બહેનો અને જમાઈ સહિતના પરિવારજનો હતા. તેમણે ટ્રેકટરથી જમીન ખેડવાનું શરુ કરતા તેમના કાકાના દિકરા વિજયસિંહ જગુજી ડાભી, વનરાજસિંહ વિક્રમસિંહ ડાભી, સહિત પાંચ વ્યકિતઓએ અટકાવવના પ્રયાસ કરતા દાતરડા અને લાકડી પાઈપોથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ભીખુસિંહ દેવુજી સહિત ચાર વ્યકિતને ઈજા થઈ હતી. ભીખુસિંહ આ અંગે વનરાજસિંહ વિક્રમસિંહ ડાભી અને વિજયસિંહ ડાભી સહિત અન્ય સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

તો સામા પક્ષે વનરાજસિંહ વિક્રમસિંહ ડાભીએ નોંધાવેલી ફરીયાદ મુજબ ભીખુસિંહ દેવુસિંહ ડાભી તેમજ દેવુજી ઉદાજી ડાભી, તેમજ તેમની ચાર દિકરીઓ, ચાર જમાઈ, તેમજ પત્ની સહિતના પરિવારે આંખમાં મરચુ નાંખી દાતરડા અને પાઈપથી હુમલો કર્યો હતો. ખેતરમાં વાવેતર કરેલ જાર પર દેવુજી અને તેમની સાથે આવેલા શખ્સોએ ટ્રેકટર ખેડી દીધુ હતું. જેથી વનરાજસિંહે તેઓને સમજાવવાનો પ્રયત્ન કરતા અને કાકા દિલિપસિંહ જગુજી ડાભીને ફોન કરી બોલાવ્યા હતા. આ દરમિયાન કોઈએ આંખમાં મરચુ નાંખી દાતરડા અને પાઈપથી હુમલો કર્યો હતો. આ સમયે દિલિપસિંહ, અશ્વિનસિંહ, સિધ્ધરાજસિંહ અને વિજયસિંહ ડાભી આવી ગયા હતા. પરંતુ આ પાંચેય વ્યકિત પર હુમલો કરવામાં આવ્યો હતો. મારામારી સમયે ગળામાંથી અઢી તોલાની સોનાની ચેઈન અને પેન્ડન્ટ પડી ગયા હતા.બંન્ને પક્ષના કુલ પાંચ વ્યકિત ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા છે. ત્યારે પેથાપુર પોલીસે ચાર વ્યકિત સામે નામજોગ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૨૧ સચિવાલય જીમખાનાના સભ્યો માટે વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેના સચિવાલય જીમખાનાના સભ્યો માટે નવેમ્બર-ડિસેમ્બર માસ દરમિયાન વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરાઈ રહ્યું છે. આ સ્પર્ધાઓમાં જીમખાનાના સભ્યો, જે સભ્યોએ ફેમીલી મેમ્બરશીપ લીધી હોય તેમના કુટુંબના સભ્યો તરીકે જાહેર કર્યા હોય તેવા સભ્યો, પે એન્ડ પે તથા કોચીંગમાં આવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે.

## કાનોરિયા હોસ્પિટલ ખાતે હકારાત્મક દુનિયા તરફ સેમિનાર યોજાયો

કાનોરિયા સેન્ટર ફોર મેડીકલ એજ્યુકેશન અને કાનોરિયા હોસ્પિટલ દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની થીમ પ્રમાણે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ મેન્ટલ હેલ્થ વીક અને ડે નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ''નકારાત્મ દુનિયાથી હકારાત્મક દુનિયા તરફ'' વિષય પર તા.૧૦ ને ગુરુવારથી ત્રિ-



દિવસીય સેમીનારનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. કાનોરિયા હોસ્પિટલ ખાતે કરાયેલા આ આયોજનમાં મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રદર્શન, રોલ પ્લે, ઉપરાંત નિષ્ણાંતોનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. ત્રણ દિવસના આ સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે શિક્ષણ નિયામક ડી.પી.દેસાઈ, સંયુકત શિક્ષણ નિયામક આર.જે.માછી, તેમજ એસ.વી.કોલેજના વડા ડો.શ્રધ્ધાબેન રાય, વિષય નિષ્ણાંત સ્વાતિબા રાઓલ, મેડીકલ કોલેજના પ્રિન્સીપલ ડો.રાજેન્દ્ર આનંદ, સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમીનારને સફળ બનાવવા માટે સાયકોલોજીસ્ટ નરેશ ત્રિવેદી, ઈન્દ્રજીત કુમાર કનોજીયા, કપિલ ખુડાનીયાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સેમીનારમાં સમગ્ર ગુજરાતની વિવિધ કોલેજોમાંથી દરરોજ ૩૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે છે અને ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

## સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા 'શરદોત્સવ-૨૦૧૯'નું આયોજન

ગાંધીનગરની સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા આગામી તા. ૧૭મી ઓક્ટોબર ગુરૂવારે રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે 'શરદોત્સવ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો દ્વારા પ્રાચીન-અર્વાચીન રાસ-ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેમજ સિનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અલ્પાહારના પાસ સંસ્થાના ખજાનચી હરજીવનભાઈ પંચાલ પાસેથી સભ્યોએ રૂ. ૫૦ આપીને તા. ૧૫મી ઓક્ટોબર સુધીમાં મેળવી લેવા અને શરદોત્સવ-૨૦૧૯માં સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યુ છે.